# જાહેરનામું

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૯ /૨૦૧૮,
## તા. ૧૭/૦૨/૨૦૧૮

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં ચાર રસ્તાઓની પાસે અડચણરૂપ તેમજ ગેરકાયદેસર પાર્કિંગના કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે, તેના નિરાકરણ માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં ચાર રસ્તા પાસે અડચણરૂપ પાર્કીગ અને ગેરકાયદેસર પાર્કીગના કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. તદઉપરાંત ચાર રસ્તાઓની પાસે મૂકવામાં આવેલ રીક્ષા-ટેક્ષી સ્ટેન્ડોના કારણે પણ ટ્રાફિકની સમસ્યા ઉદભવે છે. તેમજ ઘણીવાર ચાર રસ્તાઓની પાસે પેસેન્જર વાહનો પેસેન્જર ચઢાવવા કે ઉતારવા માટે ઉભા રહેતા હોય છે. જેના કારણે ટ્રાફિકની વિકટ સમસ્યા સર્જાય છે.

જેથી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં આવેલ દરેક ચાર રસ્તાઓથી ૫૦-મીટર સુધીના વિસ્તારને **"નો-પાર્કિંગ ઝોન"** તરીકે જાહેર કરવામાં આવે છે. જેથી કોઇપણ પ્રકારના યાંત્રિક વાહનો ચાર રસ્તાઓ તથા જંકશનથી ૫૦-મીટર સુધીના વિસ્તારમાં પાર્ક કરી શકાશે નહી કે ક્ષણ માટે પણ ઉભા રાખી શકાશે નહી. આ સબંધે અગાઉ પ્રસિદ્ધ થયેલ જાહેરનામાઓમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પે એન્ડ પાર્કિંગ આપેલ હોય તે સિવાય તમામ ચાર રસ્તા/જંકશનથી ૫૦-મીટર સુધી પાર્કિંગ કરી શકાશે નહી.

આ જાહેરનામું તા.૧૮/૦૨/૨૦૧૮ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી અમલમા મૂકવામાં આવે છે.

આ જાહેરનામું ઇમરજન્સી સેવાઓના વાહનોને લાગુ પડશે નહી.

આ જાહેરનામાને અનુલક્ષી જરુરી માહિતી સૂચક બોર્ડ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તત્કાલ મૂકવાના રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં તમામ પોલીસ અધિકારીઓ/કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૭/૦૨/૨૦૧૮ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા.૧૭/૦૨/૨૦૧૮
અમદાવાદ શહેર

( એ.કે.સિંઘ )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, સુભાષબ્રીજ, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ,